દિવાળી – સકારાત્મકતા અને સફળતાનું પર્વ

દિવાળી આખા વર્ષની મહેનત અને પાંચ દિવસનું વેકેશન. સાચું ને? દિવાળી એટલે અમાસની કાળી રાતને દીવાથી પ્રજ્વલિત કરાતી સકારાત્મકતા. આમ તો ગ્રંથો અને રામાયણની કથા પ્રમાણે કહેવાય છે કે ભગવાન રામ જ્યારે સીતાજી લઈને રાવણનો વધ કરી અયોધ્યા પાછાં આવ્યા હતા ત્યારે દરેક વ્યક્તિઓએ દીપ પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યું હતું. પણ અત્યારે આપણો ઊંઘતો હિન્દુ અને તર્ક-વિતર્ક કરતો હિન્દુ કહે છે કે આપણે ક્યાં જોવા ગયા કે ખરાં અર્થમાં રામાયણ જેવુ કાવ્ય વાસ્તવિકતામાં રચાયું હતું. વાસ્તવિકમાં આવા પ્રકારના કોઈ દેવ-દેવી હતા તો આપણે ક્યાં જોવા ગયા. આ તો પુરણોની વાતો છે. અત્યારનો ઊંઘતો હિન્દુ કદાચ આ વાતને તર્કથી જાણવાની અને સાબિતી માટે ઘણા વલખાં મારતો હોય પરંતુ આપણે સત્ય સામે આંખ આડા કાન નથી કરી શકતા. જરૂરી નથી આપણે જે જોયું નથી મતલબ તે દુનિયામાં નથી. તો આજે દિવાળીના પર્વ વિશેની માનસિકતા વિષે વાત જાણીએ.

દિવાળીનો ખરો અર્થ થાય છે અંધકાર સામે પ્રકાશનો વિજય, અજ્ઞાનતા સામે જ્ઞાનનો વિજય અને અહનકાર સામે ધૈર્યનો વિજય. હવે તો વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે આપણું શરીર જે ચંદ્ર અને સમુદ્રની ગતિ પ્રમાણે ચાલે તે જ પ્રમાણે આપના પર્વનું મહત્વ પણ પ્રકૃતિ અને તેણા નિયમો સાથે સંકળાયેલું છે. પ્રકૃતિના નિયમો અને આપણી માનસિકતાઉ ખૂબ મોટું સમન્વય છે જે કદાચ આપણે અત્યારે ઓછું સમજી શકીએ છીએ કારણ હવે આપણે પ્રકૃતિથી વિમુખ થયાં છીએ. વધુ પડતી લાલસાએ જીવનને ડામાડોળ કર્યું પરંતુ હજુ પણ આપના પર્વો આપણને આપની પ્રકૃતિની નજીક લઈ જાય છે અને માટે જ દિવાળીની શરુઆત થાય છે ચોમાસાના અંતથી અને ભદ્રવની ભરપૂર ગરમીથી. અને માટે જ આજનો આ વિષય આપની સમક્ષ પ્રસ્તુત કરું છું જે લોકો દિવાળી જેવા પર્વ અને બીજા પણ ઘણા પર્વ વિષે પૂરતી માહિતી નથી ધરવતા અને માટે દેશ-વિદેશમાં રહેતાં લોકોનું અનુકરણ કરીને આપણાં પર્વને સામાન્ય બનાવી દીધો.

દિવાળીના પર્વની શરુઆત સાફસફાઇ:

આપણાં પૂર્વજો ઘણા હોશીયાર હતા. તેઓ જાણતા કે ડર માનવી પાસે બધુ જ કરાવે અને જો પ્રકૃતિના નિયમ પ્રમાણે ચાલવું હોય તો ભગવાનને દરેક મોરચે એટલે કે ધર્મને દરેક જગ્યાએ આગળ  લઈને ચાલવું પડશે. અને માટે જ કહેવાય છે કે ઘર સાફ હોય તો લક્ષ્મીનો વ્યાસ થાય. અહીંયા હું કોઈ દેવી દેવતાની વાત નહીં કરું પરંતુ આપની વાત કરું. આપને કોઈ અંધારી કોઠડીમાં અને દુર્ગંધ મારતી જગ્યા ઉપર મિષ્ટાન પકવાન સાથે આપની આગતાસ્વાગતા કરશે તો શું આપ તે અવકારનો સ્વીકાર  કરી શકશો. નહીં ને? તો પછી લક્ષ્મીજીની વાત કરવાનો અથવા તો તે ઉદાહરણને હાસ્ય સ્વરૂપ બનાવવાનો કોઈ મતલબ ખરો? વિજ્ઞાનની દ્રષ્ટિએ જોવામાં આવે તો જ્યાં ગંદકીને સાફ કરવામાં આવે છે અને જ્યાં નકામી અને નાકામની વસ્તુઓનો નિકાલ કરીને ખુલ્લી જગ્યા કરવામાં આવે તો જીવનમાં સકારાત્મકતા આવે છે. તો આ વાતની ઠેકડી ઉડાવવાનો શું મતલબ? સાફસફાઇ અને ઘર આંગણની સજાવટ એટલે

રંગોળી ને દીવા. સકારાત્મકતાનું સૌથી મોટું ચિહ્ન કે માત્ર તે કરવાની સાથે જ મન મગજમાં તજગીનો અનુભવ થાય અને તાણ દૂર એટલે થાય કે કરેલી રંગોળીની આકૃતિઓ મન મોહી લે અને રંગોળી કરતી વ્યક્તિઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મકતાને ઓપ આપે. કદાચ હવે સમજાયું હશે આપને સાફસફાઈ નો મતલબ.

એકબીજાની મુલાકાત:

નવા વર્ષનું પર્વ એટલે ભાઈભાંડુ અને કુટુંબીજન સાથેની મુલાકાત. મનમેળ જ્યાં જૂના વર્ષના દરેક વાદવિખવાદને ભૂલીને એકબીજાને નવા વર્ષની શુભેચ્છા આપીને નવી શરૂઆત કરવાનો મોકો. સમય સંજોગોની સાથે થતાં અણબનાવની ગાંઠો ઉકેલવાનો સમય એટલે નવું વર્ષ નુતન વર્ષ. શું આપને ખ્યાલ પણ છે કે આપણે નુતન શબ્દનો ઉપયોગ કેમ કરીએ છીએ? **નુતન નો ખરો અર્થ થાય છે "વિશ્લેષણાત્મક, સમજદાર, જાણકાર, અભ્યાસી, સ્વતંત્ર, નિર્ભય, તપાસ, સાબિતી લક્ષી, વ્યવહારુ આધ્યાત્મિક, બુદ્ધિશાળી, અનામત, રહસ્યમય અને સાહજિક". અને માટે દરેક વ્યક્તિ જેના શરીરમાં તે પરાત્માનો અંશ રહેલો છે તે સૌને બે હાથ જોડીને વંદન કરતાં આપણે સૌ "નુતન વર્ષાભિનંદન" પાઠવીને પાછલાં હિસાબ ચૂકતે સાથે નવી શરુઆત કરીએ છીએ. આનંદ સાથે હર્ષોલ્લાસ સાથે "અતિથિ દેવો ભવ"નો ખરો અર્થ સાર્થક બનાવીએ છીએ.**

**આપણે આ જીવનમાં જે કઈંક પણ કમાઈએ છીએ તે કોઇકના ભાગનું અને કોઇકના નસીબનું જ હોય છે અને આપણે માત્ર તે માટેના નિમિત્ત જ છીએ. દિવાળીના અંધકારને નાથીએ છીએ માત્ર નાનકડાં દીવાથી. તે જ રીતના જીવનના અંધકારને (અહંકાર)ને જ્ઞાનરૂપી દીવાથી નાથવાનું શીખવે છે આ દિવાળી. હજુ પણ દિવાળી વિષે ઘણું લાહી શકાય અને સમજી શકાય પરંતુ જો માત્ર આટલું સમજી લાઈએને તો પણ ભવ પર પડી જાય.**

**આપને અને આપના પરિવારને દિવાળીની શુભકામનાઓ સાથે નુતન વર્ષાભિનંદન.**

**આપની લેખિકા**

**પુર્વાંગી શુક્લ**